**GUJARAT BILL NO. 17 OF 2021.**

# THE GUJARAT STATE TAX ON PROFESSIONS, TRADES, CALLINGS AND EMPLOYMENTS (AMENDMENT) BILL, 2021.

## A BILL

*further to amend the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act,1976.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૭ .**

## ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧.

**ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૧૧.

૨. ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬માં, અનુસૂચિ ૧ માં, અનુક્રમાંક ૭ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:- સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૧૧ની અનુસૂચિ ૧ નો સુધારો.

અનુસૂચિ ૧

(જુઓ કલમ ૩ અને કલમ ૫ (૩))

વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

| અનુક્રમાંક | વ્યકિતઓનો વર્ગ | વેરાનો મહત્તમ દર (₹ માં) |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| "૭ ક. | ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના પુરવઠાકાર જેનું રાજ્યમાંનું ટર્નઓવર – | |
| | (૧) ₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો | શૂન્ય |
| | (૨) ₹ ૨,૫૦,૦૦૦ /- થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | વાર્ષિક ₹ ૨૫૦૦/- |
| | (૩) ₹ ૫,૦૦,૦૦૦/-થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | વાર્ષિક ₹ ૨૫૦૦/- |
| | (૪) ₹ ૧૦,૦૦,૦૦૦/-થી વધુ હોય તો | વાર્ષિક ₹ ૨૫૦૦/-". |
| | સ્પષ્ટીકરણઃ- આ નોંધના હેતુ માટે, "રાજ્યમાંનું ટર્નઓવર" એ શબ્દોનો અર્થ, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે, કોઇ નાણાકીય વર્ષ અથવા તેના ભાગ દરમિયાનનું રાજ્યમાંનું ટર્નઓવર એવો થશે. | |

## ઉદ્દેશો અને કારણો

વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર પર વેરો લેવા અને વસૂલ કરવા માટે, જોગવાઈ કરવાના ઉદ્દેશથી, ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૧૧) અધિનિયમિત કર્યો હતો.

અધિનિયમની અનુસૂચિ ૧ની નોંધ ૭ પ્રમાણે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ નો ગુજરાતનો ૧લો)  (વેટ અધિનિયમ)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, વાર્ષિક કુલ ટર્નઓવરના આધારે અધિનિયમ હેઠળ વેરો ચૂકવવા માટે જવાબદાર રહેશે. તેમ છતાં, સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જીજીએસટી અધિનિયમ) અમલમાં આવ્યો છે અને મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ (વેટ), ફક્ત છ ચીજવસ્તુઓ એટલે કે હાઇ સ્પીડ ડીઝલ, (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતા) મોટર સ્પિરિટ, કાચું પેટ્રોલિયમ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ, કુદરતી વાયુ (નેચરલ ગેસ) અને માનવ વપરાશ માટેના આલ્કોહોલયુક્ત દારૂને લાગુ પડે છે.

આને પરિણામે, અગાઉ મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા અને હવે જીજીએસટી અધિનિયમ (ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭) હેઠળ આવરી લેવામાં આવ્યા છે તેવા પુરવઠાકારો માટે, અનુક્રમાંક ૭ક-ની નવી નોંધ દાખલ કરવી જરૂરી છે. તેથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમનો આરંભ થયો છે તે અનુસાર આ અધિનિયમની અનુસૂચિ ૧ સુધારવા ધાર્યું છે.

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર (સુધારા) વિધેયક, ૨૦૨૧, અન્ય બાબતોની સાથોસાથ, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે, રાજ્યમાં જેનું ટર્નઓવર ▯ ૨.૫ લાખ કરતા વધારે હોય તેવા પુરવઠાકારોને આવરી લેવાની જોગવાઈ કરે છે.

આ વિધેયક, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા સન ૧૯૭૬નો સદરહુ રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૧૧ સુધારવા ધારે છે.

**નીતિન પટેલ,**

## **ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઈ કરે છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૫ મી માર્ચ, ૨૦૨૧. **નીતિન પટેલ.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭ .]

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,

નાણા મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૨૫ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

## THE GUJARAT STATE TAX ON PROFESSIONS, TRADES, CALLINGS AND EMPLOYMENTS (AMENDMENT) BILL, 2021.

## GUJARAT BILL NO. 17 OF 2021.

*A BILL*

*further to amend the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act, 1976.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**1.** (*1*) This Act may be called the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments (Amendment) Act, 2021. **Short title and commencement.**

(*2*) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Amendment of Schedule I to President's Act No. 11 of 1976.

**2.** In the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act, 1976, in Schedule I, after the entry at Sr. No. 7, the following entry shall be inserted, namely:-

President's Act No. 11 of 1976.

**SCHEDULE I**

(*See* section 3 and section 5(3))

*Rates of tax on Professions, Trades, Calling and Employments.*

| Sr. No. | Class of Persons | Maximum Rate of Tax (in ₹ ) |
|---|---|---|
| **1** | **2** | **3** |
| "7A. | Supplier as defined in the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj. 25 of 2017) whose turnover in State is - | |
| | (i) not more than ₹ 2,50,000/- | Zero |
| | (ii) more than ₹ 2,50,000/- but not more than ₹ 5,00,000/- | ₹ 2500/- per annum |
| | (iii) more than ₹ 5,00,000/- but not more than ₹ 10,00,000/- | ₹ 2500/- per annum |
| | (iv) more than ₹ 10,00,000/- | ₹ 2500/- per annum". |
| | ***Explanation:*** For the purpose of this entry, the term "turnover in State" shall mean turnover in State as defined in the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj. 25 of 2017) during any financial year or part thereof. | |

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act, 1976 (President's Act No. 11 of 1976) was enacted with a view to making a provision for levy and collection of tax on professions, trades, callings and employments.

As per entry 7 of Schedule I of the Act, dealers as defined in the Gujarat Value Added Tax Act, 2003 (Guj. 1 of 2005) (VAT Act) are liable to pay tax under the Act on the basis of annual gross turnover. However, from the 1st July, 2017, the Gujarat Goods and Services Tax Act, 2017 (GGST Act) has been implemented and the VAT Act is applicable to only six commodities *viz*. High Speed Diesel, Motor Spirit (commonly known as petrol), Petroleum Crude, Aviation Turbine Fuel, Natural Gas and Alcoholic Liquor for human consumption.

Consequently, a new entry Sr. No. 7A is required to be inserted for those suppliers who were erstwhile covered under the VAT Act and now covered under the GGST Act. Therefore, Schedule I of the Act is proposed to be amended in line with the introduction of the GGST Act.

The Gujarat State Tax on Professions, Trades, Callings and Employments (Amendment) Bill, 2021, *inter alia,* provides to cover those suppliers as defined in the Gujarat Goods and Services Tax Act, 2017 whose turnover in State exceeds ₹ 2.5 lakh.

This Bill seeks to amend the said President's Act No. 11 of 1976 to achieve the aforesaid object.

**NITIN PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respects:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character..

Dated the 25th March, 2021. **NITIN PATEL.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 17 OF 2021.**

*A BILL*

*further to amend the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act, 1976.*

**[ SHRI NITIN PATEL,**
**MINISTER FOR FINANCE]**

**( As published in the Gujarat Government Gazette of the 25th March, 2021)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.

-------------

Government Central Press, Gandhinagar.